# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૧-૦૬-૨૦૨૪ મંગળવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## મંત્રીઓએ કાર્યભાર સંભાળ્યો:

કેન્દ્રના સંરક્ષણમંત્રી રાજનાથસિંહ, ગૃહ અને સહકારમંત્રી અમીત શાહ, આજે કાર્યભાર સંભાળતા પહેલા દિલ્હી રાષ્ટ્રીય પોલિસ સ્મારક પર વીરગતિ પામેલા પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વિદેશમંત્રી એસ.જયશંકર, આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી જે.પી.નડ્ડા, નાણામંત્રી નિર્મલા સીતારમણ સહીત અન્ય મંત્રીઓએ પણ આજે પોતાનો કાર્યભાર સંભાલી લીધો છે. અશ્વિની વૈષ્ણવે આજે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો છે.

- (RNU અમદાવાદ)

---

## શપથ - વિધાનસભા:

ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણીમાં ચૂંટાયેલા ધારાસભ્યોએ આજે વિધાનસભામાં શપથ ગ્રહણ કર્યા હતા. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ પાંચેય ધારાસભ્યોને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રી મડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અને નવ નિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## ડીસ્ટ્રીક હીટવેવ એક્શન ટાસ્ક ફોર્સ:

જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને આજે “ડિસ્ટ્રીક્ટ હીટવેવ એક્શન ટાસ્ક ફોર્સ” બેઠકનું આયોજન ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ટાસ્ક ફોર્સનું માળખું , કામગીરી, સિઝન દરમિયાન તાપમાનની સ્થિતિ , ટાસ્ક ફોર્સ દ્વારા લેવાયેલા પગલાઓ અને વિભાગવાઈઝ એક્શન પ્લાન વિશે સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ અધિકારીઓ પાસેથી સોંપવામાં આવેલી જવાબદારીનો એક્શન ટેકન રિપોર્ટ માંગીને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત તમામ

સભ્યોને લોકજાગૃતિના મહત્તમ પ્રયત્નો હાથ ધરવા ,સંલગ્ન કચેરીઓને સચેત રાખીને જરૂરી તમામ કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

- (માહિતી ખાતુ, ભુજ)

---

## ગાંધીધામ ટીમ્બર ઉદ્યોગ:

એશિયાનો સૌથી મોટો ટિમ્બર ઉદ્યોગ ગાંધીધામ સંકુલમાં ધમધમી રહ્યો છે અને મોટી સંખ્યામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પણ આપી રહ્યો છે. ત્યારે કંડલાના ટિમ્બર ઉદ્યોગમાં યુરોપીયન દેશના જુથ સાથે જોડાયેલા ઈસ્ટોનિયા અને ભારત વચ્ચે પાઈન વૂડ નાં વેપારમાં વૃધ્ધી આવે તે સંદર્ભે ઈસ્ટોનિયાના પ્રતિનિધિ મંડળે કંડલા ટિમ્બર એસોસીએશન ખાતે પાઈન એકમોની મુલાકાત લીધી હતી.

ઉદ્યોગકારો સાથે યોજાયેલી બેઠકમાં ભારત સ્થિત રાજદુત દ્વારા ભારત અને ઈસ્ટોનિયાના દ્વિપક્ષીય સંબંધો વિશે માહિતી અપાઈ હતી.

આ પ્રસંગે ભારત સાથેના નિકાસમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું પણ જણાવાયું હતું.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## કચ્છ યુની.-કળા વિષયોના અભ્યાસક્રમ:

કચ્છ યુનિવર્સિટીના કુલપતિ મોહન પટેલે જીલ્લામાં ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ શરુ કરવાની જાહેરાત કરી છે. જેમાં છ લલિત કલાઓ ગીત-સંગીત, નૃત્ય, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય અને એ સિવાયના પણ કલામય વિષયોના અભ્યાસક્રમ શરૂ કરાશે. આ પ્રકારની પહેલ થી કચ્છના વિદ્યાર્થીઓને કળા અભ્યાસક્રમો માટે કચ્છ બહાર જવું પડતું તેમાં રાહત મળશે.

આવતા સત્રથી ચાલુ થતા આ બધા જ કલામય કોર્સની વિશેષ વિગતો માટે સંકલ્પ વૈશ્નવ - કચ્છ યુનિવર્સિટી, મો.નં. **98791 28111**નો સંપર્ક કરવા જણાવાયું છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## પિંગલેશ્વર કડુલી-માદક પદાર્થ:

અબડાસા તાલુકાના પિંગલેશ્વર અને કડુલી વચ્ચે દરિયાકાંઠેથી બિનવારસુ હાલતમાં ચોખાનાં બાચકાંમાંથી નશીલા પદાર્થના દસ પેકેટ મળી આવ્યાં છે. જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત રૂા. પાંચ કરોડ થી ઉપર થવા જાય છે.

કોઠારા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી બાતમીને આધારે તપાસ કાર્યવાહી કરાઈ હતી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## જીલ્લામાં પ્રિ-મોન્સુન એક્ટીવીટી:

જીલ્લામાં આકરી ગરમી વચ્ચે પ્રિ-મોન્સૂન ગતિવિધિ વેગીલી બની રહી છે. જિલ્લાના વાતાવરણમાં સતત બીજા દિવસે પલટો આવવા સાથે ભચાઉ શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદની ધોધમાર ઝડી વરસી હતી. અંજારના નવાગામમાં વૃક્ષ ધરાશાયી થતાં નીચે એક માલવાહક ટેમ્પો દબાઇ ગયો હતો. તો ભચાઉ ખાતે ગઈ સાંજે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. ધૂળની ડમરી ઊડાવતો પવન ફૂંકાયા બાદ વરસાદનું જોરદાર ઝાપટું પડતાં રસ્તા પરથી જોશભેર પાણી વહી નીકળ્યા હતા. આ ઉપરાંત મોરગર, કરમરિયા, મોટી ચીરઇ, શિકરા સહિતના ગામોમાં પણ ભારે ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

બીજી બાજુ ભુજના મોખાણા તેમજ અંજારના કોટડા (ચાંદ્રાણી) સહિતના ગામોમાં ભારે પવન ફૂંકાતાં ધૂળની ડમરી ઊડી હતી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## પ્રખર લુ અને તાપ થી જનજીવન અકળાયું:

જીલ્લામાં પ્રખર લુ અને તાપ થી લોકો અકળાઈ રહ્યા છે મધ્યાહનથી મોડી સાંજ સુધી લુ વર્ષાથી જન જીવન પ્રભાવિત થયું છે. પૂર્વ કચ્છના અંજાર-ગાંધીધામ પંથકમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૩ ડીગ્રી સેલ્શીયસ આસપાસ રહ્યું હતું. તો, જીલ્લા મથક ભુજ ખાતે મહત્તમ ઉષ્ણતામાન ૩૯ ડીગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા જીલ્લામાં ભેજના ઊંચા પ્રમાણ સાથે તાપમાન યથાવત રહેવાની આગાહી કરાઈ છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---